(ટ્રસ્ટ રજી. નં. F-૨૯ સોસાયટી રજી.નં. ૩૧૭૧)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

ગુલબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯ - ૨૬૩૦ ૭૦૯૯, ૨૬૩૦ ૨૩૪૧
કન્યા છાત્રાલય : ૨૭૪૯ ૯૪૨૫. (નારણપુરા)
Fax : +91 79 2630 5008
E-mail : sphostel@gmail.com
Website : http://www.sspkm.org

તા.૧૨/૧૧/૨૦૦૯

સ્નેહીશ્રી,

<u>કન્યા છાત્રાલયનો ઉદ્દ્ઘાટન સમારોહ - ૦૨/૦૧/૨૦૧૦</u>

સહર્ષ જણાવવાનું કે શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ વિજયાબેન મગનભાઈ ભગત કન્યા છાત્રાલય, જેમાં ૮૫૦ કન્યાઓ રહી શકે તેવી તમામ આધુનિક સગવડ ધરાવતા કન્યા છાત્રાલયનું ખાતમુર્હુત ગત તા.૦૨/૦૧/૨૦૦૮ના રોજ કરેલ, જેનું નિર્માણ કાર્ય પુરૂ થયેલ છે. આ છાત્રાલય ભવનનો ઉદ્દ્ઘાટન વિધિ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૦ ને શનિવારના રોજ કન્યા છાત્રાલય ભવન, નારણપુરા, એ.ઈ.સી. ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં સમાજના અગ્રગણ્ય આગેવાનો તથા અમેરીકાથી સૌરાષ્ટ્ર પટેલ સમાજનાં આગેવાનો અને દાતાશ્રીઓ પણ મોટી સંખ્યામાં આવનાર હોઈ સમગ્ર પટેલ સમાજ માટે આ કાર્યક્રમ ગૌરવવંતો ઈતિહાસ બનાવવાનો છે. તેવા રૂડા પ્રસંગે આપ સજોડે હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવશો એવી અપેક્ષા છે. કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

આપને સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ તરફથી <u>વિધિવત નિમંત્રણ</u> તો મળશે જ, પરંતુ આ પ્રસંગ આપણો પોતાનો જ હોઈ આ પત્રને નિમંત્રણ ગણીને તારીખ ૨જી જાન્યુઆરી, ૨૦૧૦ ને શનિવારના દિવસે ઉપરોક્ત કાર્યક્રમમાં હાજરી આપવા અનુકુળતા કરવા વિનંતી છે.

**<u>તા. ૦૨/૦૧/૨૦૧૦નાં ઉદ્દ્ઘાટન સમારંભની માહિતી :-</u>**

| | |
|---|---|
| **સવારે ૦૯-૦૦** | **માન. મુખ્યમંત્રી દ્વારા કન્યા છાત્રાલયનું ઉદ્દ્ઘાટન** |
| **બપોરે ૦૩-૦૦ થી ૦૬-૦૦** | **સમાજ ઉત્કર્ષ માટે સમાજ ચિંતકો સાથે વિચાર ગોષ્ઠી** |
| **સાંજે ૦૯-૦૦ થી ૧૨-૦૦** | **ભવ્ય સાંસ્કૃતિક ડાયરો, નામાંકિત કલાકારો દ્વારા** |

આપના સહકારની અપેક્ષા સહ...

આપના વિશ્વાસુ

નન્નુભાઈ પી. પડસાળા
મંત્રી

વલ્લભભાઈ જી. કાકડિયા
પ્રમુખ